# અંદાજપત્ર પરની પૂરક માંગણી નં. ૨૨ની ચર્ચા અન્વયે

## માન. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલનું પ્રવચન

**માન.અધ્યક્ષશ્રી,**

માન. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ગૃહ સમક્ષ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા તેમજ નાગરિક પુરવઠા વિભાગની માંગણી ક્રમાંક ૨૨ પર મારા વિચારો રજુ કરવા ઉભો થયો છું.

**માન.અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે કુલ ૨૭૧૧ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ માટે અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત રાજ્યમાં પાત્રતા ધરાવતા પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સરકારની સબસિડી દ્વારા ઘટાડેલા દરે અનાજ અને અન્ય વસ્તુઓનો લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પર કાર્યક્ષમ પ્રાપ્તિ, અનાજનો સંગ્રહ અને વિતરણ પણ આ વિભાગ સુનિશ્ચિત કરે છે. વધુમાં વિભાગ એ બાબતનું ધ્યાન રાખે છે કે સામાન્ય લોકો એલપીજી, પેટ્રોલ અને ડીઝલ જેવી આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી મેળવી શકે. આમ, રાજ્યના વંચિત કુટુંબોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુ સારી ગુણવત્તામાં અને સસ્તી કિંમતે મળી રહે તેના માટે આ વિભાગ કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થાના ભાગરૂપે માત્ર ખાદ્યાન્ન જ નહિ પણ તેલ,મીઠું,ખાંડ તથા પ્રોટીનસભર કઠોળનું પણ રાહતદરે રાજ્યની વિવિધ યોજનાઓ અંતર્ગત વિતરણ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો – 2013 અંતર્ગત રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ 2016 થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદાની અમલવારી કરવામાં આવેલ છે. હાલની

સ્થિતિએ ગુજરાત રાજ્યનાં ૭૨ લાખ કુટુંબોની ૩.૫૫ કરોડ જનસંખ્યાને NFSA હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગનાં તા.૦૨/૦૯/૨૦૨૩નાં ઠરાવથી રાજ્યનાં જે જે દુકાનદારો પાસે ૩૦૦ થી ઓછા N.F.S.A. રેશનકાર્ડ હોય તેવા વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારની પોષણક્ષમતા જળવાઈ રહે તે માટે પરવાનેદારને કમિશન સહિત માસિક રૂ.૨૦,૦૦૦/– થી ઓછી રકમ મળતી હોઈ, તેવા કિસ્સામાં પરવાનેદારને જે તે માસમાં મળેલ કુલ કમિશનની રકમને ધ્યાને લઈ રૂ. ૨૦,૦૦૦/–ની રકમ માંથી ઘટતી તફાવતની રકમ ચુકવવાનો રાજ્ય સરકારા દ્વારા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવેલ હોઈ, સદર કામગીરી અંગે અંદાજીત રૂ. ૧૦૦ લાખનો ખર્ચ થવા પામશે, આમ, વર્ષ ૨૦૨૩–૨૪ની સુધારેલ બજેટ જોગવાઈમાં કુલ રૂ.૨૧,૧૨૮.૩૪ લાખનો વધારો કરી કુલ રૂ.૮૨,૯૧૦.૯૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા AAY તથા BPL રેશનકાર્ડધારકોને વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન તહેવારોના માસ ઓગષ્ટ અને નવેમ્બર માટે ૧ લિટર રીફાઈન્ડ કપાસિયા તેલનું રૂ.૫૦/- ના રાહતદરે વિતરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી સદર યોજનાનું વિસ્તરણ કરી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળ સમાવિષ્ટ તમામ NFSA હેઠળના PHH કુટુંબોને (અગ્રતા ધરાવતા કુટુંબો) પણ આ યોજનામાં આવરી લેવામાં આવ્યા હતા.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩થી રાજ્યના અંત્યોદય અન્ન યોજના (AAY), BPL અને NFSA હેઠળના અગ્રતા ધરાવતા કુટુંબોના તમામ ૭૨ લાખ NFSA કાર્ડધારકોને કપાસીયા તેલની જગ્યાએ વર્ષમાં આવતા બે તહેવારો તહેવારો (જન્માષ્ટમી અને દિવાળી) ના માસ દરમ્યાન કાર્ડદીઠ ૧ લિટર સીંગતેલનું રૂ.૧૦૦/- ના રાહતદરે વિતરણ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા મુક્ત બજારમાંથી ઓનલાઈન રીવર્સ ઈ-ઓક્શન પ્રક્રિયાના આધારે ખાદ્યતેલનો જથ્થો ખરીદવામાં આવે છે. વર્ષમાં આવતા બે તહેવારો (જન્માષ્ટમી અને દિવાળી) ના માસ દરમ્યાન રાજ્યના તમામ ૭૨ લાખ NFSA કાર્ડધારકોને રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) સીંગતેલનું વિતરણ કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૨૩-૨૪માં બે તહેવારો (સપ્ટેમ્બર-૨૦૨૩ અને નવેમ્બર-૨૦૨૩) દરમ્યાન રાજ્યના તમામ ૭૨ લાખ NFSA કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે પ્રતિ લીટરના માત્ર રૂ.૧૦૦ના રાહત દરે ડબલ ફીલ્ટર્ડ સીંગતેલનું વિતરણ કરાયેલ છે. સદર યોજના માટે ગુજરાત સરકાર દ્વારા ચાલુ વર્ષે રૂ.૧૨૮.૧૪ કરોડની બજેટ જોગવાઇ મંજૂર થયેલ હતી. જે અન્વયે પ્રતિ લિટર રૂ.૧૦૫.૭૪ સબસિડી ભોગવીને એક લીટરના કુલ ૧,૪૨,૦૦,૦૦૦ પાઉચની ખરીદી કરી વિતરણમાં મૂકવામાં આવેલ. આ ઉપરાંત વધુ ૧,૭૨,૩૮૦ લાભાર્થીઓને આ યોજનામાં આવરી લઈને વર્ષ ૨૦૨૩-૨૪ની બજેટ જોગવાઈમાં રૂ.૨૩.૮૩ કરોડનો વધારો કરી રૂ.૧૫૧.૯૭ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, મહત્તમ લાભાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ખાદ્યતેલ તહેવારના મહત્વના મહિનાઓમાં બજારભાવથી ઘણી ઓછી કિંમતે મળી શકે તે માટે આ સરકારે પ્રતિબદ્ધતા બતાવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ જે માગણીઓ લઈને આવ્યા છે અને નાગરિક પુરવઠા વિભાગની માંગણી નં. ૨૨ને હું સમર્થન આપી મારી વાણીને વિરામ આપું છું.